ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**


મહત્તમ : ૩૩.૪ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૫૨ ટકા

# ‘જોવા જેવી દુનિયા!’ હજારોની હાજરીમાં સંપન્ન

## મહોત્સવની પૂર્ણાહૂતિ થઈ ગુજરાતના પ્રખ્યાત હાસ્ય કલાકાર સાંઈરામ દવેના ડાયરા સાથે

ગાંધીનગર, તા.૨૫
ગાંધીનગરમાં અડાલજની ભૂમિ ઉપર ત્રિમંદિરના પ્રાંગણમાં ૧૧ દિવસ માટે ઉભી થયેલી ×જોવા જેવી દુનિયા× મહોત્સવનો છેલ્લો દિવસ, “આ અંત નહીં પણ એક નવી શરૂઆત છે !” ના સંદેશ સાથે ખૂબ ધામધૂમથી ઉજવાયો. ૧૪,૦૦૦થી વધુ સેવાર્થીઓની દિવસ-રાતની મહેનતને સાર્થક કરતા આ મહોત્સવને ૧૧ દિવસમાં આશરે ૧૧ લાખથી વધુ મુલાકાતીઓનો અદભુત પ્રતિસાદ સાંપડ્યો. લોકોના અદ્ભુત પ્રતિભાવો જેવા કે, “હું અહીં ના આવ્યો હોત તો એક સારો મોકો ગુમાવી દેત !”, “અહીં જે આવશે તે ગેરન્ટીથી કંઈક ને કંઈક સમજણ લઈને જ જશે !”, “જ્ઞાન અને મૂલ્યો અહીં એકસાથે પીરસાય છે!” વગેરે ઉદગારો આ મહોત્સવની સાર્થકતા સૂચવે છે. દાદાશ્રીના અક્રમ વિજ્ઞાનના સિદ્ધાંતોની સાદી, સરળ અને મનોરંજક શૈલીમાં અસરકારક રજૂઆતને કારણે લોકો તેમના જીવનમાં વણી શકે તેવી સાચી સમજણ મેળવીને સંતોષ પામ્યા હતા.

૨૫મી નવેમ્બર ના રોજ, આ મહોત્સવના છેલ્લાં દિવસે ગ્રાન્ડ ફિનાલેનું આયોજન થયું હતું. તેમાં સૌપ્રથમ પૂજ્યશ્રીએ સેવાર્થીઓને પ્રોત્સાહિત કરતાં આશીર્વચનો પાઠવ્યા હતા. આખા મહોત્સવની ઝાંખી દર્શાવતા વિડીયો દ્વારા ૨૦૧૩માં આ જન્મોત્સવના પૂજયશ્રી દ્વારા ઉલ્લેખથી લઈને , “દાદા ભગવાનના અસીમ જય જયકાર હો” ની વિશ્વવ્યાપી ધૂન, વર્કશોપ અને મહિનાઓથી ચાલી રહેલી તૈયારીઓ વગેરે દર્શાવાયા હતા. આ મહોત્સવ નિર્વિઘ્ને પાર પડે તે



હેતુથી, દાદા ભગવાન પરિવાર સાથે સંકળાયેલા વિશ્વભરના તમામ સેન્ટરોમાં હજારો અનુયાયીઓ દ્વારા ઠેર-ઠેર અસીમ જયજયકારની અખંડ ધૂનનું ગુંજન થયું હતું, તે ક્ષણોને ફરીથી આ ઝાંખીમાં વણી લેવામાં આવ્યો હતો. ગ્રાન્ડ ફિનાલે ૧૫૦થી વધુ બાળ અને યુવા કલાકારોને સાંકળતા, શ્રી અંકુરભાઈ પઠાણ દ્વારા કોરીયોગ્રાફ થયેલા, એક સુંદર ડાન્સનું પ્રદર્શન કર્યું હતું. છેવટે, “જોવા જેવી દુનિયા” ને સાકાર કરવામાં જેમનો ફાળો રહ્યો છે તેવા નામી-અનામી પ્રોફેશનલ કલાકારોનું પૂજ્યશ્રીના આશીર્વાદ સાથે બહુમાન કરવામાં આવ્યું હતું.

આ મહોત્સવની પૂર્ણાહુતિ થઈ ગુજરાતના પ્રખ્યાત હાસ્યકલાકાર શ્રી સાઈરામભાઈ દવે દ્વારા. જેમાં, તેમની આગવી સ્ટાઈલમાં આ મહોત્સવ સાથે સંકળાયેલા સેવાર્થીઓના ખાટા-મીઠાં પ્રસંગોને વણી લેતા નોન-સ્ટોપ હાસ્યના ડાયરાનું આયોજન થયું હતું. હાસ્યની છોળો અને હૃદયસ્પર્શી ભાવનાઓ મિશ્રિત આ ડાયરાનો લગભગ ૪૦,૦૦૦થી વધુ જનમેદનીએ આસ્વાદ્ય લીધો હતો.

વિશ્વભરના ૩૦ જેટલાં દેશોમાંથી આવેલા ૩૦૦૦ જેટલાં ભારતીયો અને ૩૦૦ વિદેશીઓએ પણ આ ઉત્સવમાં ઘરના ઉત્સવની જેમ ખભેખભા મિલાવીને સેવા આપી, તે પ્રત્યે સૌએ સંતોષ અને આનંદ વ્યક્ત કર્યો. ફુગ્ગા અને કોલ્ડ પાઈરો સાથે સેલિબ્રેશનના માહોલમાં ગ્રાન્ડ-ફિનાલેના રોમાંચક વાતાવરણમાં દાદાશ્રીની ૧૧૧મી જન્મજયંતી મહોત્સવનું સમાપન થયું હતું.



ગાંધીનગર જિલ્લાના કોલવડા ગામમાં નવા વર્ષમાં મનની શાંતિ, ભૂમિ પુજન અને લોકો માં સંપ રહે તે માટે કોલવડા ગામનાં નવોમાઢ ખાતે શ્રી લાલઘર માતાના નવચંડી હવન કરવામાં આવ્યો હતો. જેનો ગામના ભાવિકજનોએ ભાવપૂર્વક લાભ લીધો હતો.

# કોબા-અડાલજ માર્ગ પર રીક્ષાની ટક્કરે વૃધ્ધાનું મૃત્યુ

## અંબાપુરના વૃધ્ધા ખેતરે જવા નીકળયા હતા, તે સમયે માર્ગ પર રીક્ષાએ ટક્કર મારતા દુર્ઘટના સર્જાઈ

ગાંધીનગર, તા.૨૫
ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં અકસ્માતના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે આજે સવારે બાર વાગ્યાના અરસામાં અંબાપુર ગામના વૃધ્ધા તેમજના ખેતરમાં જઈ રહ્યા હતા, ત્યારે કોબા તરફથી પુરઝડપે આવી રહેલી રીક્ષાએ આ વૃધ્ધાને જોરદાર ટક્કર મારતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત વૃધ્ધા રોડ નીચે પટકાયા હતા અને તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી અકસ્માતના બનાવોમાં વધારો જોવા મળી રહ્યો છે, જેમાં મૃત્યું આંક પણ વધ્યો છે. ઘણા બનાવોમાં તો વાહન ચાલક અકસ્માત સર્જી ભાગી જતા હોય છે અને હાથમાં પણ આવતા નથી. હીટ એન્ડ રનની ઘટનાઓમાં ખુદ પોલીસ જ આરોપીઓ નહીં પકડાતા હોવાની સ્વીકાર્યું છે. ત્યારે આજે સવારે અંબાપુર ગામમાં વસવાટ કરતા ૬૫ વર્ષીય લલીતાબેન રમણભાઈ પટેલ તેમના ઘરેથી ખેતરમાં જવા માટે નીકળયા હતા. તે દરમિયાન કોબા અડાલજ હાઈ વે માર્ગને ઓળંગી રહ્યા હતા.તે સમયે કોબા તરફથી આવતી રીક્ષા નં. જી.જે.૦૧. ટી.એ.૦૩૬૫ એ લલીતાબેનને જોરદાર ટક્કર મારી હતી. જેના કારણે ગંભીર ઈજાઓ પહોંચતા નીચે રોડ ઉપર પટકાયા હતા. જેને પગલે તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને સારવાર માટે લઈ જવાઈ રહ્યા હતા, તે પહેલા જ તેમનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. બનાવ અંગે તેમના પુત્ર સુનિલભાઈની ફરિયાદને પગલે અડાલજ પોલીસે અકસ્માતનો ગુનોં નોંધી રીક્ષા ચાલક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



### ગાંધીનગર એસ.ઓ.જી. દ્વારા સ્વચ્છતા અભિયાન

ગાંધીનગર સ્થિત સે-૩૦ એસ.ઓ.જી. (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) પોલીસ કર્મી દ્વારા કંપાઉન્ડ ખાતે મહાત્મા ગાંધી સ્વચ્છ મિશન અંતર્ગત સ્વચ્છતા ત્યાં પ્રભુતા તથા વૃક્ષ એ જ જીવન-વૃક્ષો વાવો-પર્યાવરણ બચાવો મંત્રને ચરિતાર્થ કરવા સ્વચ્છતા ઝુંબેશ અને વૃક્ષોને જળસિંચન કાર્યક્રમ દ્વારા સેવાયજ્ઞનું બીડું ઝડપ્યું હતું.



સે-૩ માં નાના ગ -૨ પાસેના કોર્નર પાસે સ્થિત સોસાયટીમાં માં બાપને ભુલશો નહીં નો કાર્યક્રમ યોજાયો હતો. અશ્વિન ત્રિવેદીએ ભાવુક અદામાં કાર્યક્રમ રજુ કરી શ્રોતાઓની આંખ ભીની કરી દીધી હતી. સેકટરના અગ્રણી વિક્રમ પટેલ તેમજ મનીષ પટેલ દ્વારા આયોજિત આ કાર્યક્રમને મોટી સંખ્યામાં સેકટરવાસીઓએ માંણ્યો હતો.

# ચોરી કરેલા એકટીવા સાથે ત્રણ શખ્સો પોલીસના હાથે ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૫
ગાંધીનગર શહેરમાં વાહન ચોરીના બનાવો છાશવારે નોંધાય છે. વાહનચોર પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તો વાહન ચોર માટે હોટ ફેવરીટ સ્થળ બની જવા પામ્યું છે. પોલીસના સઘન પેટ્રોલીંગ વચ્ચે પણ વાહન ચોરી થાય છે. ત્યારે અડાલજ ચેહર માતાજીના મંદિર પાસેથી તાજેતરમાં એકટીવાની ચોરી થઈ હતી. ચોરી કરેલા એકટીવા સાથે ત્રણ શખ્સોને નારદીપુર તેમજ કલોલ ખાતેથી ગાંધીનગર એલસીબી પોલીસે ઝડપી પાડી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ આજરોજ એલીસીબી પોલીસ ટીમના સભ્યો એ.હેડ.કો. કિરીટકુમાર જેઠાભાઈ, પોકો. જીતેન્દ્રસિંહ પ્રવિણસિંહ, ભવાનસિંહ બાબુજી, સુરેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ, રાજેન્દ્રસિંહ વિક્રમસિંહ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ટીમના સભ્ય જીતેન્દ્રસિંહ પ્રવિણસિંહને બાતમી મળી હતી કે કલોલ તાલુકાના નારદીપુર ગામે થી અજયપાલસિંહ ઉર્ફે સંજય કનુજી ચાવડા, રહે. નારદીપુર તા.કલોલ, જી.ગાંધીનગર, વિકાસ જગદીશ પટેલ રહે.પંચવટી સોસાયટી વિભાગ નં-૨ ઉંઝા, તા.ઉંઝા, જી.મહેસાણા, સંજય ઉર્ફે કાલુ અરવિંદ પટેલ રહે.પંચવટી સોસાયટી વિભાગ નં-૨ ઉંઝા મહેસાણાને ચોરીના એકટીવા (નંબર પ્લેટ વિના)સાથે પકડી પાડ્યા હતા. એકટીવા અંગે પોલીસે ત્રણેય શખ્સોને પુછપરછ કરતા ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા.જેથી પોલીસે ઉંડાણપૂર્વક પુછપરછ કરતા આ એકટીવા તેઓએ અડાલજ ચેહરમાતાના મંદિર પાસેથી પાર્કિંગમાંથી ચોરી કર્યું હોવાનું જણાવ્યું હતું. જેને પગલે પોલીસે અડાલજ પોલીસે તપાસ કરતા રેકર્ડ પર ગુનોં નોંધાયેલ છે તેમજ આ એકટીવાનો સાચો નં. જી.જે.૦૧.એન.એસ. ૪૩૫૩ જણાયો છે. એકટીવાની કિ. રૂ.૨૦,૦૦૦ ની ગણી ત્રણેય વિરૂધ્ધ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



# પાડાના વાંકે પખાલીની જેમ ડામ સહેતા ‘સિંગલ્સ’ ભાડુઆત

## નોકરી-વ્યવસાય કે અભ્યાસના કારણોસર પરિવારથી જોજનો દૂર રહેતા બેચલર્સ કે સિંલગ્સ કેટલાક તત્વોના વાંકે મકાન ભાડે મેળવવામાં મુશ્કેલીનો સામનો કરે છે : બેચલર્સને મકાન ભાડે આપવું નહીં તેવા ગેરકાયદેસર ઠરાવો કરતા સોસાયટી વહીવટદારોની જોહુકમી અટકાવવી જરુરી

ગાંધીનગર, તા.૨૫
ભારતમાં કરોડો પરિવારો ઘર વિહોણા છે. જેમાં ગરીબ-જરૂરીયાતમંદ વર્ગ ઉપરાંત મધ્યમવર્ગનો પણ સમાવેશ થાય છે. ગરીબ તો ઝુંપડા બાંધીને પણ રહી લે છે જયારે મધ્યમવર્ગ માટે ઘર ભાડે લેવાનો જ વિકલ્પ હોય છે. વળી, સંયુકત કુટુંબ પ્રથા ઝડપથી તુટી રહી છે જેના કારણોમાં કારકિર્દી-વ્યવસાય, સંતાનોનું શિક્ષણ, વૈચારિક મતભેદ કે આર્થિક સમસ્યા વગેરેનો સમાવેશ થાય છે પરંતુ વધતા જતા માઈક્રો ફેમિલીઝને કારણે ઘરની માંગમાં સતત વધારો થતો જાય છે. આ સાથે અભ્યાસ અથવા નોકરી વ્યવસાયને કારણે પણ સ્થળાંતર કરતાં અપરિણીત વ્યકિતઓની સંખ્યા પણ બહોળા પ્રમાણમાં વધી રહી છે જેમને ભાડે ઘર મેળવવામાં સૌથી વધુ તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. જેનું કારણ અનેક સોસાયટીઓ અથવા વસાહતોમાં બની બેઠેલા કર્તાહર્તાઓ કે સંચાલકો ‘પાડાના વાંકે પખાલીને ડામ’ની જેમ કોઈએ બેચલર્સ કે સ્ટુડન્સને મકાન ભાડે આપવુ નહી તેવા અધિકાર વિનાના ઠરાવો કરી પોતાની મન માની કરી રહ્યા છે.

અગાઉના સમયમાં જયાં નદી તળાવ એટલે કે પાણી હોય ત્યાં વસાહતો વિકસતી હતી જયારે આજના યુગમાં જયાં નોકરી ધંધાની તકો વધુ હોય તેમજ શિક્ષણ આરોગ્યની સુવિધા સારી હોય તેવા શહેર તરફ વસતી આકર્ષાય છે અને આ પ્રકારના કારણોસર ગામડાં તુટી રહ્યા છે તે પણ એક સમસ્યા છે.




અમદાવાદ-ગાંધીનગર જેવા શહેરોમાં છેલ્લા કેટલાક સમયમાં મોટી મલ્ટિનેશનલ કંપનીઓ આવવાથી ખાનગી નોકરીઓમાં વધારો થયો છે. ગાંધીનગરની વાત કરીએ તો આઈટી ક્ષેત્રની કંપનીઓના આગમન ઉપરાંત અહી એક શૈક્ષણિક સંસ્થાઓનો પણ ભરપૂર વિકાસ થવાથી છેલ્લા અમુક વર્ષોમાં જ અચાનક વસ્તીનો વધારો થયો છે જેમાં માઈક્રો ફેમિલી ઉપરાંત બેચલર્સ એટલે કે સિંગલ નોકરિયાત અથવા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં અહીં આવી રહ્યા છે




જેના કારણે ભાડે મકાનોની માંગમાં ખૂબ મોટો વધારો થયો છે કેમ કે અહીં હજુ જોઈએ તેટલા પ્રમાણમાં હોસ્ટેલ્સની સુવિધા વિકસી નથી, વર્કિંગ સિંગલ્સ માટે તો આ પ્રકારની સુવિધાની કદાચ શરૂઆત પણ થઈ નથી. આ સંજોગોમાં તેમણે મકાન ભાડે લેવાનો જ વિકલ્પ અપનાવવો ફરજિયાત બને છે પરંતુ અનેક સોસાયટીઓમાં ‘બેચલર્સને મકાન ભાડે આપવું નહીં’ તેવા ઠરાવો કરી દેવાતા આ મજબૂર બેચલર્સને અઢળક તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે.

સોસાયટીઓમાં સિંગલ્સને મકાન ભાડે આપવા પર પ્રતિબંધ લગાડવાની ‘ફતવા’ પ્રથા ચાલુ થવા પાછળ પણ કારણો રહેલા છે. જેમાં મુખ્યત્વે એકલા રહેતા બેચલર્સ દારૂ કે અન્ય નશાખોરી કરતા હોય, મોડી રાત્રિએ તેમનું આવનજાવન હોય, મોટા અવાજે ટીવી કે મ્યુઝિક વગાડવું, સમલૈંગિક સંબંધો કે અજાણ્યા વિજાતીય પાત્રોની આવન જાવન પાછળ અનૈતિક પ્રવૃત્તિની શકયતા હોય, ભાંગફોડવાદી પ્રવૃત્તિની આશંકા વગેરે ઉપરાંત સાફ સફાઈમાં બેદરકારી ભાડાં ચુકવ્યા વિના અચાનક ગાયબ થઈ જવાની શકયાઓ જેવાનો સમાવેશ થાય છે. જો કે બીજી તરફ બેચલર્સને મકાન ભાડે આપવામાં હકારાત્મક મુદ્દા પણ જોવાતા હોય છે જેમ કે પારિવારિક કજીયા કંકાસ ના હોય, બાળકોના તોફાનની શકયતા ના હોય, પોતાના કામથી કામ રાખે, મકાનને ઘસારો ઓછો પડે, મકાન માલિક કે સોસાયટીના કહ્યામાં રહે, ઓછો સામાન હોવાથી મકાનને વધુ સ્વચ્છ રાખી શકે વગેરે રહેલા છે. જો કે આ બંને તરફની બાબતો મુખ્યત્વે મકાનમાલિકને અસર કરે છે. પરંતુ સોસાયટીના સંચાલકો યા તો ‘મોટા ભા’ થવા અથવા ફરિયાદો કે મુશ્કેલી ટાળવા ‘બેચલર્સને મકાન આપવું જ નહીં’ તેવું ઠરાવી હાથ ઉંચા કરી લે છે જેના કારણે સમાજમાં નોકરી વ્યવસાય કે શિક્ષણ અર્થે સ્થળાંતર પામેલા પરિવારથી દૂર આવેલા નાગરિકોને અનેક પ્રકારની મુશ્કેલીઓ વેઠવાનો વારો આવે છે અને બમણાં ભાડાં ખર્ચવા પડે છે.

પશ્ચિમના દેશોમાં ‘સિંગલ’ રહેવું તે સામાન્ય બાબત ગણાય છે અને તેમનું સમાજમાં પુરતું સન્માન પણ જળવાય છે. વળી, દરેક વ્યકિતનો ઘર ભાડે મેળવવાનો માનવીય તથા બંધારણીય હક્ક છે તેજ રીતે કોઈ મકાનમાલિક પોતાનું ખાલી મકાન કે રોકાણકાર પોતાની મિલકત પોતાની રીતે ભાડે આપવા એટલો જ હક્કદાર છે હા, તે માટે તેણે કાયદાનુસાર વ્યકિતની ખરાઈ કરતા દસ્તાવેજો જરૂર તપાસવા હક્કદાર છે. જો તેનો ભાડુઆત કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ કે મિલકતને નુકશાન કરતો હોય, નશાખોરી કે પડોશીઓને પરેશાન કરતો હોય તો તે મકાન ખાલી કરાવી શકે છે તેમજ જરૂર પડે પોલીસ કે અન્ય અધિકૃત તંત્રની મદદ લઈ શકે છે. આ પ્રકારની પ્રવૃત્તિઓ અંગે સોસાસટીના વહીવટદારો પણ પોલીસ ફરિયાદ વગેરે કરી શકે છે. પરંતુ સોસાયટીમાં કોઈ બેચલર્સ કે સિંગલ્સને મકાન ભાડે આપવું જ નહીં તેવો ઠરાવ કરવો તે તેમની સત્તામાં આવતું નથી. અનેક સોસાયટીઓમાં તો સિંગલ્સ ભાડુઆત માટે પાર્કિંગ સુવિધા કે મેન્ટેનન્સમાં પણ ભેદભાવભરી નીતિ રાખવામાં આવે છે જે તદ્દન ગેરકાયદેસર છે. મોટે ભાગે આવા ભાડુઆત એકલાં હોવાથી વધુ કામ કરી લેવાના આશયે એકથી વધુ શિફટમાં કામ કરે છે રાત્રિના કલાસિસ કરે ત્યારે તેમને મોડી રાત્રિએ સુરક્ષા આપવાની જવાબદારી નિભાવવાને બદલે રાત્રે આવન જાવન માટે રોકવામાં આવે છે તે તદ્દન ગેરબંધારણીય છે.

આ સમસ્યાનો ઉકેલ આજે નહીં તો કાલે પણ સરકારે શોધવો પડશે કેમ કે આ સ્થિતિ વધતી જ જવાની છે. હકીકતમાં હવે સરકારે ગાંધીનગર જેવા શહેરોમાં મોટા પાયે સિંગલ્સ માટે વર્કિંગ પર્સન હોસ્ટેલ્સની સુવિધાઓ વિકસાવવી જરૂરી બનતી જાય છે તેમજ વિદ્યાર્થીઓ માટે પણ આધુનિક અને સુરક્ષિત હોસ્ટેલ્સ વધુ મોટા પ્રમાણમાં બનાવવી પડશે. આ સાથે સિંગલ્સના હક્કો પર ખોટી રીતે તરાપ મારતા સોસાયટીઓના હોદ્દેદારો પર લગામ તાણવી પણ એટલી જ જરૂરી બની રહી છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com